RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 08, Dt.17-4-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રીડેવલપમેન્ટ હેઠળ મળતા ઘર પર કોઈ ટેક્સ ન લાગે

## રીડેવલપમેન્ટના ટ્રેન્ડમાં ચુકાદો દુરગામી અસરકર્તા બનવાનો સુર : બિલ્ડરો – મકાન માલિકોને રાહત થશેઃરીડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ મળતા નવા ઘરમાં આવકવેરાની કલમ ૫૬ હેઠળ ટેક્સ ચુકવવો પડતો નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજકોટ, અમદાવાદ સહિત દેશનાં મોટા શહેરોમાં રીએલ એસ્ટેટ જોકે રીડેવલેપમેન્ટનો ટ્રેન્ડ છે. ત્યારે એક મહત્વપૂર્ણ ચુકાદામાં ઈન્કમટેક્સ અપીલ ટ્રીબ્યુનલ (આઈટીએટી)એ જાહેર કર્યુ છે કે જુના ઘરના બદલામાં રીડેવલપમેન્ટ હેઠળ મળતા ઘરના કિસ્સામાં કોઈ ટેક્સ જવાબદારી બનતી નથી અને કોઈ ટેક્સ લાગુ પડતો નથી.

મુંબઈ ઈન્કમટેક્સ અપીલ ટ્રીબ્યુનલનાં બી.આર.ભાસ્કરન તથા સંદિપ ગોસાઈની બેંચે કહ્યું કે, રીડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ મળતા નવા ઘરમાં આવકવેરાની કલમ ૫૬ હેઠળ ટેક્સ ચુકવવો પડતો નથી.

કોઈ બિલ્ડર ફ્લેટ માલિકને જુના આવાસનાં બદલામાં નવુ ઘર આવે તો



તેમાં કોઈ લાભ હોતો નથી. એટલે જુના ફલેટ સામે નવા ફલેટ આપવામાં કોઈ ટેકસપાત્ર આવક બનતી નથી.

આ કેસમાં મુંબઈના અનિલ કતારામ પિતલેએ ૧૯૯૭-૯૮ માં એક કો-ઓપરેટીવ સોસાસટીમાં ફલેટ ખરીદ કર્યો હતો. બિલ્ડર સાથેનાં સમજુતી કરાર હેઠળ સોસાયટીનું રીડેવલપમેન્ટ નકકી થયુ હતું. ડીસેમ્બર ૨૦૧૭ માં તેમને નવો ફલેટ ફાળવવામાં આવ્યો હતો અને તે પેટે ૨૫.૧૭ લાખની સ્ટેમ્પ ડયુટી ચુકવવામાં આવી હતી.

જુના ફલેટની સ્ટેમ્પ ડયુટી રૂ.૫.૪૩ લાખની હતી બન્ને વ્યવહારમાં ૧૯.૭૪ લાખ રૂપિયાની અંતર હતું હતો આ તફાવતની રકમને અન્ય સ્ત્રોતમાંથી આવક ગણીને આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ડીમાંડ ઉભી કરવામાં આવી હતી. તેની વિરૂદ્ધ અનિલ દતારામે અપીલ કરી હતી. આ કેસમાં બન્ને પક્ષોની લાંબી દલીલો સાંભળ્યા બાદ ટ્રીબ્યુનલે એવો ચુકાદો આપ્યો હતો કે આવકવેરા કાયદાની કલમ ૫૬ (૨) (એકસ)ની જોગવાઈ આ પ્રકરણમાં લાગુ ન પડે અને કરદાતાને કોઈ ટેક્સ ચુકવવો ન પડે.જાણકારોનાં કહેવા પ્રમાણે ટ્રીબ્યુનલનો આ ચુકાદો દુરગામી અસર કરશે અને રીડેવલપમેન્ટના વર્તમાન ટ્રેન્ડમાં આવાસ માલિકોને મોટી રાહત મળશે.

# મોદી સરકાર સપ્તાહમાં જ કોઈ મોટા ફેરફારની તૈયારીમાં

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં બહુમતીથી દુર રહ્યા બાદ પણ પુરી રાજકીય તાકાતથી પુનરાગમનમાં ગત વર્ષે યોજાયેલી ધારાસભા ચૂંટણીમાં ૯૦%થી વધારાનો વિજય સ્ટ્રાઈક રેટ તથા ૨૦૨૫માં પણ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજય, સંસદના બજેટ સત્રમાં આવકવેરા મુક્તિ મર્યાદા વધારવાના વાહવાહ જેવા પગલા તથા વકફ સુધારા ખરડો પણ બહુમતીથી મંજુર કરાવીને પુરા ફોર્મમાં આવેલી મોદી સરકાર આ સપ્તાહમાં જ કોઈ મોટા ફેરફારની તૈયારી અથવા તો કોઈ મોટા નિર્ણય માટે તખ્તો બનાવી રહી હોવાના સંકેત છે.

ખાસ કરીને તામિલનાડુના રાજયપાલ દ્વારા રાજય વિધાનસભામાં મંજુર કરેલા ૧૦ ખરડાઓને અટકાવવા મુદે સુપ્રીમની આકરી ઝાટકણી અને તેમાં રાષ્ટ્રપતિ માટે પણ સમય મર્યાદા બાંધવાના વલણથી તાજેતરમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટ, રાષ્ટ્રપતિ વચ્ચે એક પ્રશ્ન સર્જાયા છે તો બીજી તરફ દક્ષિણમાં જે રીતે તામિલનાડુની ડીએમકે સરકારે નસ્વાયતતાથનો મુદો છેડયો છે તે પણ ભવિષ્યમાં ગંભીર બની શકે છે.

છેલ્લે ગઈકાલે વકફ ખરડા અંગે સુપ્રીમ કોર્ટની પ્રારંભીક તબકકે ટીપ્પણી સરકારને ચોંકાવી ગઈ છે. આ તમામ વચ્ચે દિલ્હીમાં બેઠકોના દૌર અને ખાસ કરીને વડાપ્રધાનની રાષ્ટ્રપતિ સાથે મુલાકાત અને ભાજપના જ વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકોનો દૌર દિલ્હીમાં કંઈક બનવા જઈ રહ્યું હોવાના સંકેત આપે છે.

મોદીનો તા.૧૮ની કાશ્મીર પ્રવાસ મુલત્વી રહ્યો છે. જો કે તેના માટે નહવામાનથ કારણ અપાયુ છે પણ ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ સરકારની નજર વકફ ખરડા અંગે આજે સર્વોચ્ચ અદાલત શું વલણ હશે તેના પર નજર છે. ભાજપના ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ વકફ મુદે કોઈ પણ પીછેહઠ સરકારને પોષાય તેમ નથી તે એક મોટી રાજકીય પીછેહઠ હશે. અગાઉ રાજયપાલો મુદે સુપ્રીમની ટીપ્પણી પણ મહત્વની બની રહી છે અને ખાસ કરીને રાષ્ટ્રપતિ અંગે પણ સુપ્રીમ કોર્ટે મર્યાદા નિશ્ચિત કરી છે.

# બચત ખાતા પરના વ્યાજના દરો ઘટવા લાગતા ગ્રાહકોને મોટો ગેરફાયદો


- ઉંચી બેલેન્સ ફરજીયાત; ચેકબુક-એટીએમના ચાર્જ છતાં ખાતામાં બેલેન્સ પર નહીવત વ્યાજ અપાય છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સામાન્ય લોકોની રોજબરોજની બચત તથા ઉપયોગ માટે ખૂબજ મહત્વના ગણાતા સેવિંગ્સ ખાતા પર એક તરફ મીનીમમ બેલેન્સના આકરા નિયમો અને તેમાં જો ચૂક થાય તો તગડો દંડ કરતી દેશની બેન્કોએ હવે આ પ્રકારના ખાતાઓ પર વ્યાજના દરો પણ ઘટાડવા લાગતા બચત કર્તાઓને મોટો ગેરફાયદો થશે. બેન્કો તેના માર્જીનની ચિંતામાં થાપણો પરના વ્યાજદર ઘટાડે છે.

સેવિંગ્સ ખાતા જે પગારદાર કે સામાન્ય વર્ગના પરિવારો માટે મહત્વના છે તેને પણ હવે ટાર્ગેટ કર્યા છે. એચડીએફસી, એકસીસ બાદ હવે આઈસીઆઈસીઆઈ બેન્કે પણ સેવિંગ્સ ખાતા પરનો વ્યાજદર ૨૫ બેઝીક પોઈન્ટ ઘટાડયા છે.

બેન્કે રૂા.૫૦ લાખ કે તેથી ઓછીની બેલેન્સ ધરાવતા સેવિંગ્સ ખાતા પર વ્યાજદર ૨.૭૫% અને રૂા.૫૦ લાખ કે તેથી ઉપરની બેલેન્સના ખાતામાં ૩.૨૫%નો વ્યાજદર નિશ્ચિત કર્યો છે. અગાઉ એચડીએફસી બેન્કે પણ આજ રીતે ૨૫ બેઝીક પોઈન્ટ વ્યાજદર ઘટાડયો હતો.



સ્ટેટ બેંક હાલ ૨.૭%નો વ્યાજદર ઓફર કરે છે. એક સમયે આ પ્રકારના ખાતા પર ૪%નો દર હતો. બેન્કોની દલીલ છે કે સેવિંગ્સ એકાઉન્ટમાં ઓછા બેલેન્સ વચ્ચે પણ અનેક પ્રકારની 'સેવા' આપવી પડે છે. જે બેન્કને 'મોંઘી' પડે છે તેથી તેના પર ઓછો વ્યાજદર જરૂરી છે.

જો કે એ અલગ બાબત છે કે બેન્કો ચેકબુક, એટીએમ વિ. ચાર્જ અલગથી વસુલે જ છે અને એક વખત પણ બેલેન્સ જો નિયમથી નીચે જાય તો તગડો ચાર્જ કરે છે.

# રાધનપુર હાઈવે ઉપર અકસ્માત : ૬ના મોત

**મુખ્ય સમાચાર,પાટણ**

સમી-રાધનપુર હાઈવે પર ગંભીર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. એસટી બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત થયો છે. જેમાં ૬ લોકોના મોત થયાનું સામે આવ્યું છે. મૃતકો રાધનપુરના વાદી વસાહતના રહેવાસી હતા. જેઓ પોતાના ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન અકસ્માતનો ભોગ બન્યા હતા. બીજી તરફ લાશોને કાઢવા માટે ક્રેઈનને બોલાવવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગરથી માતાના મઢ જતી એસ.ટી બસે રિક્ષાને અડફેટે લીધી હતી. જેથી રિક્ષાનો કચ્ચરઘાણ થયો છે. જ્યારે રિક્ષામાં સવાર ૬ લોકોના મોત થયા છે. સમીના ગોચનાદ નજીક અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર લોકો બસના આગળના ભાગમાં





દબાઈ ગયા હતા. જ્યારે બસ રોડ નીચે ઊતરી ગઈ હતી.

આજે રાધનપુર હાઈવે મોતની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો હતો. એસટી અને રિક્ષા વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. એસટીની અડફેટે આવેલી રિક્ષાનો ભુકકો બોલી ગયો હતો. તેમજ મૃતકોનાં શરીર એકબીજાને ચોંટી ગયાં હતાં. રુવાંટાં ઊભાં કરી દેતાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. બીજી તરફ અકસ્માતને પગલે હાઈવે પર લોકોનાં ટોળેટોળાં એકત્ર થયાં છે. તેમજ રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.

રાધનપુરના ધારાસભ્ય લવીંગજી ઠાકોરે જણાવ્યું કે, આજે ભયંકર અકસ્માતની ઘટના બની છે. એસટી બસ અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વાદી વસાહતના ૬ લોકોના મોત થયા છે. ૧૦૮ને બોલાવવામાં આવી છે. લાશોને બહાર કાઢવા માટે ક્રેઈનને પણ બોલાવવામાં આવી છે. મૃતકો રાધનપુરના વાદી વસાહતના રહેવાસી હતા. મૃતકોના પરિવારને સહાય અપાવવા માટે હું સરકારને રજૂઆત કરીશ. મૃતકોના પરિવારોને ૪-૪ લાખ રૂપિયા સીએમ ફંડમાંથી આપવામાં આવે તેવો હું પ્રયાસ કરીશ.

# વિલંબમાં પડેલા ભાજપના સંગઠનમાં હવે નવી નિયુક્તિની તૈયારીઓ શરૂ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લાંબા સમયથી વિલંબમાં પડેલા ભાજપના સંગઠનમાં હવે નવી નિયુક્તિની તૈયારીઓ તથા પક્ષના રાષ્ટ્રીય નેતાઓ વચ્ચે બેઠકોનો દૌર શરૂ થયા છે. મંગળવારે કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહ તથા સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંઘ રાત્રીના પક્ષના વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાને મળ્યા હતા.

તો બીજી તરફ સંગઠન મહામંત્રી શ્રી બી.એલ.સંતોષ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મળવા પહોચ્યા હતા. ભાજપને ગુજરાત તથા ઉતરપ્રદેશ જેવા મોટા સહિત છ રાજયોના નવા પ્રદેશ પ્રમુખ પણ નિશ્ચિત કરવાના છે અને તેની જાહેરાત શનિવારે તા.૧૯ના થઈ શકે છે અને તા.૨૦થી રાષ્ટ્રીય પ્રમુખની 'ચુંટણી'ની પ્રક્રિયા દિલ્હીમાં શરૂ થઈ શકે છે.

આ ઉપરાંત ભાજપ એક વખત નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી થયા બાદ રાષ્ટ્રીય સંગઠનમાં પણ મોટા ફેરફાર નિશ્ચિત છે અને છેલ્લે એજન્ડા પક્ષની નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં પણ હવે ફેરફાર થશે. ભાજપ રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં પ્રથમ વખત આ પ્રકારે વિલંબ કરી રહ્યા છે.

એવુ જ ગુજરાત સહિતના રાજયોમાં નવા પ્રદેશ પ્રમુખની પસંદગીનું છે. રાષ્ટ્રીય પ્રમુખમાં 'દક્ષિણ'નો ચહેરો એક વખત ચર્ચામાં હતો પણ તે કેટલો કારગર નિવડી શકે તે પણ પ્રશ્ન છે. પક્ષના વર્તમાન મહામંત્રીઓ હવે નવા પડકારને ઉપાડી શકે તેમ નથી તેથી તેમાં પણ નવા ચહેરા લવાશે. પક્ષને એ નિશ્ચિત જવાબ મળતો નથી કે ઉતર-દક્ષિણનો સંદેશો આપવો. જ્ઞાતિ-જાતિનો સંદેશો આપવો કે પછી લોકપ્રિય ચહેરો મુકવો તે ભાજપને આખરી કડી મળતી નથી.

ભાજપના ૧૫ રાજયમાં ચુંટણીઓ થઈ છે પણ ગુજરાત, ઉતરપ્રદેશ જેવા મહત્વના રાજયોના નવા પ્રદેશ પ્રમુખ વગર જ જો રાષ્ટ્રીય પ્રમુખ પસંદ થાય તો ખોટો સંદેશ જશે.

યુપી અગાઉ જ ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપને આંચકો આપી રહ્યુ છે તો ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ અને રાહુલ ગાંધી હવે ગંભીર બન્યા હોય તેવા સંકેત છે.



કેટલાક અદાલતી ચુકાદા પણ ભાજપને હવે આંચકા આપે છે અને જો વકફ ચુકાદામાં સરકારને પીછેહઠ સહન કરવી પડે તો તે સૌથી મોટો રાજકીય પરાજય બની શકે છે અને તેની અસર દેશભરમાં થશે.મુસ્લીમો હાલમાં પણ આ અંગે હવે આખરી વલણ લીધુ છે. વકફમાં એક પણ સુધારો સમગ્ર ખરડાને અસર વિહીન કરી શકે છે. સરકાર હવે કોલેજીયમના બદલે નેશનલ જયુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમીશન જેવી રચના કરવા માંગે છે. આમ અનેક એજન્ડા પર હાલ જબરુ મંથન ચાલી રહ્યું છે.

# કોંગોમાં નાવમાં આગ લાગવા સાથે પલટી જવાની કરૂણાંતિકામાં ૫૦ લોકોના મોત

- અનેક યાત્રીઓ ડૂબ્યા, દાઝવાથી ઘાયલ થયા : સેંકડો લોકો લાપતા બન્યા



**મુખ્ય સમાચાર,મ્બાંદકા**

કોંગોમાં નાવમાં આગ લાગતા અને પલટી જતા સર્જાયેલી કરૂણાંતિકામાં ૫૦ લોકોના મોત નિપજયા હતા. જયારે સેંકડો લોકો લાપતા બન્યા છે. આ અંગેની વિગત મુજબ કોંગોમાં એક નાવ અકસ્માત મ્બાંદાકા શહેર પાસે કોંગો નદીમાં થયો હતો.

નાવમાં લગભગ ૪૦૦ જેટલા યાત્રીઓ સવાર હતા, જે મટાંકુમુથી બોલોંબા ક્ષેત્ર તરફ જઈ રહ્યા હતા. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ અકસ્માત તે સમયે સર્જાયો હતો જયારે એક મહિલા નાવ પર ભોજન બનાવી રહી હતી.

આ દરમિયાન નાવમાં આગ લાગી હતી. અને પલટી ગઇ હતી. યાત્રીઓ ડૂબતી નાવથી બચવા નદીમાં કુદી ગયા હતા પરંતુ કેટલાક લોકો ડૂબી ગયા હતા કારણ કે તેઓને તરતા ન્હોતું આવડતું.

૧૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા હતા. જેમાંથી અનેક લોકો દાઝી જવાથી ગંભીર ઘાયલ થયા હતા. રાહત કાર્ય ચાલુ છે, જેમાં રેડક્રોસ અને સ્થાનિક પ્રશાસનની ટીમ સામેલ છે

# રાજકોટમાં તસ્કરો બન્યા બેફામઃ ત્રિકોણબાગ પાસે TITANના શો રૂમ માંથી ૭૦ લાખની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ ના દાવા થઈ રહ્યા છે ત્યારે પોલીસના રાત્રે પેટ્રોલિંગમાં છીંડા હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે પોલીસનો ખોફ રાખ્યા વગર સતત ટ્રાફિકથી ધમધમતા ત્રિકોણ બાગ પાસે આવેલા શિંફિક્ષ ના શોરૂમમાં તસ્કરોએ ૭૦ લાખ ની મત્તા ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો છે

માહિતી મુજબ શહેરની જૂની ગેરપોર્ટ ટોકીટ સામે ત્રિકોણબાગ પાસે આવેલ ટાઈટન વર્લ્ડ નામના શોરૂમમાં ચોરી થયાની ઘટના શોરૂમના કર્મચારીએ શહેરના કંટ્રોલ રૂમમાં કરવામાં આવતા એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર જી











(તસ્વીરઃ આનંદ જાવિયા)

## સતત ટ્રાફિકથી ધમધમતા રોડ પર આવેલા શોરૂમમાં ચોરીનો બનાવ બનતા પોલીસના રાત્રે પેટ્રોલિંગ ની પોલ ખુલીઃ પાંચ તસ્કરોએ શોરૂમમાં ચોરી કર્યાની ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

બારોટ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. શોરૂમમાં રોકડા ₹૪,૦૦,૦૦૦ અને બાકીના રૂપિયા ૬૧ લાખ ની કિંમતી ઘડિયાળો ની ચોરી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવતા પોલીસના ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવતા ડીસીપી ઝોન ટુ ડીસીપી ક્રાઈમ અને ક્રાઈમ બ્રાન્ચ ની ટીમો તથા એલસીબી ની ટીમ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો પોલીસે તપાસ કરતા પાંચ શખ્સો શોરૂમમાં ચોરી કરતા હોય તે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે પોલીસે ડોગ સ્કોર્ડ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતોની મદદ લઈ તસ્કરોનું પગેરુ મેળવવા પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે વધુમાં ડીસીપી ઝોન ટુ યે જણાવ્યું હતું કે આ બનાવ મોડી રાતથી વહેલી સવાર દરમિયાન બન્યો હોવાનું જાણવા મળ્યું છે ત્રિકોણબાગ જેવા ટ્રાફિક થી ધમધમતા વિસ્તારમાં ચોરીનો બનાવ બન્યો છે પાંચ જેટલા તસ્કરોએ આ ચોરીને અંજામ આપ્યો હોય તેવું સીસીટીવી કેમેરામાં દ્રશ્યો કેદ થઈ ગયા છે તસ્કરો કોર્પોરેશન ચોક તરફથી આવતા રસ્તા પર થી બિલ્ડીંગ માં પ્રવેશ કર્યો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળી રહ્યું છે પોલીસની અલગ અલગ ધીમો બનાવી શહેરની ભાગોળે નાકાબંધી કરી તસ્કરોને ઝડપી લેવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ધુળ માટે ધીંગાણુ : તીથવા ગામે માટીનું ડમ્પર ભરવા માથાકૂટ : અર્ધો ડઝન ઘવાયા

## તળાવમાંથી કાપ કાઢી ડમ્પર ભરી ખેતરમાં ઠાલવવાના મુદ્દે થઇ માથાકૂટ

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર તાલુકાના તીથવા ગામે આજે વહેલી સવારે પાંચ વાગ્યે ધુળ માટે ધીંગાણુ સર્જાયુ હતુ જેમાં ધારીયા, પાઇપ, ધોકા સહિતના હથિયારો સાથે બે જૂથ સામસામે આવી જતા છથી વધુ લોકો ઘવાયા હતા. ઈજાગ્રસ્ત તમામને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસ સુત્રોએ આપેલી માહિતી મુજબ ઈજાગ્રસ્તોમાં સહદેવ સાર્દુલભાઈ ફાંગલીયા (ઉ.વ.૩૫), તેના ભાઈ નિકુંજ (ઉ.વ.૪૩) અને તેના ભાઈ કમલેશ(ઉ.વ.૨૩) (રહે. ત્રણેય તીથવા ગામ) અને સામા પક્ષે છગન હીરા બાંભવા (ઉ.વ.૪૨), તેના ભાઈ મોનાભાઈ (ઉ.વ.૫૫) અને તેના ભાઈ ભરત (ઉ.વ.૩૬) રહે. ત્રણેય વાંકાનેર, મહાવીર સોસાયટીને ગંભીર હાલતમાં સારવારમાં રખાયા છે. ઈજાગ્રસ્તોને માથામાં તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી છે. આ બનાવનું કારણ એવું છે કે વાંકાનેરના બાંભવા બંધુઓ તીથવા ગામે તળાવમાંથી માટી કાપ ભરવા પોતાના ડમ્પર લઈને આવતા હોય અને સામા પક્ષે ફાંગલીયા બંધુ પણ જેસીબી અને ડમ્પર સાથે માટી ભરતા હોય, એક પક્ષે બીજા પક્ષને અહીંથી માટી ન ભરવાનું કહેતા આ બનાવ બન્યો હતો. વાંકાનેર તાલુકા પોલીસે સામસામી ફરિયાદ નોંધવા તજવીજ કરી હતી.



# જામનગરની બંધ ઓઈલ મીલમાંથી ૬૮ હજારથી વધુનો સામાન ચોરાયો

## વાહન મારફતે તસ્કરો જુદા જુદા સ્પેરપાર્ટસ સહિતની માલમતા ઉસેડી ગયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના બેડી બંદર રોડ પર વેરહાઉસ ગોડાઉન સામેના વિસ્તારમાં આવેલી એક ઓઈલમીલમાંથી કોઈ તસ્કરો રૂા. ૬૮ હજારથી વધુની કિંમતના જુદા જુદા સ્પેરપાર્ટસ સહિતનો માલસામાન ચોરી કરી લઈ ગયા હોવાનો બનાવ બહાર આવ્યો છે.પોલીસે વેપારીની ફરીયાદના આધારે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.ચોરીનો આ બનાવ લગભગ સાડા સાત માસ અગાઉ બન્યો હોવાનુ સામે આવ્યુ છે.

પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરમાં જયંત સોસાયટીની બાજુમાં વિજયનગર ખાતે રહેતા અને બેડી બંદર રોડ પર ગુજરાત વેરહાઉસ કોર્પોરેશનના ગોડાઉન સામે મહેન્દ્ર ઓઈલ મીલના નામે વ્યવસાય કરતા જમનાદાસભાઈ વેલજીભાઈ દોમડીયા નામના વેપારીએ પોતાની બંધ ઓઈલ મીલમાં કોઈપણ વાહન મારફતે પ્રવેશી અંદરથી ધાણાના વરમ, સાફટીંગ, મોટા ગેર, મોટર વગેરે મળી રૂા. ૬૮,૫૦૦થી વધુનો માલ સામાન સહિતના સ્પેરપાર્ટ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ સીટી બી પોલીસ મથકમાં નોંધાવી છે.

ચોરીનો આ બનાવ ગત તા. ૨૪થી ૩૧ ઓગષ્ટ-૨૦૨૪ દરમિયાન બન્યો હોવાનુ સામે આવ્યુ છે.બંધ ઓઈલમાં કોઈ વાહન મારફતે પ્રવેશી માતબર માલમતા ચોરી કરી જનારા અજાણ્યા શખસોને પકડી પાડવા માટે પોલીસે જુદી જુદી દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસે તસ્કરોને સકંજામાં લેવા માટે કવાયત હાથ ધરી છે. તસ્કરોએ વાહન મારફત પ્રવેશી જે ઓઈલ મીલને નિશાન બનાવ્યું હોવાનું સામે આવ્યું છે. ઓઈલ મીલ લગભગ બે વરસથી બંધ હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. જે બંધ ઓઈલ મીલમાં ઘૂસીને તસ્કરો ઓઈલ



મીલના જુદા જુદા નાના મોટા સ્પેરપાર્ટ સહિત ૬૮ હજારથી વધુની કિંમતનો માલસામાન ચોરી કરી લઈ ગયા હોવાનો બનાવ સામે આવતા પોલીસે ઉઠાવગીરોને સકંજામાં લેવા માટે તપાસનો ધમધમાટ હાથ ધર્યો છે.

# મોરબી જીલ્લા પંચાયત દ્વારા રેલ્વે ભરતીના ઉમેદવારો માટે ત્રણ કેન્દ્રો પર મોક-ટેસ્ટનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

રેલ્વે મંત્રાલયના Group D ભરતીને પગલે જીલ્લા પંચાયત દ્વારા ત્રણ અલગ-અલગ તાલુકાઓમાં ૧૮ એપ્રિલે વિનામૂલ્યે મોક-ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. એસ.એસ.સી., આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા પાસ ઉમેદવારો માટે યોજાતી આ પરીક્ષા મોરબી, વાંકાનેર અને હળવદમાં યોજાશે. ટેસ્ટ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલા ઉમેદવારો અથવા અરજી ફોર્મ ધરાવતા ઉમેદવારોને જ પ્રવેશ મળશે.

ભારત સરકારના રેલ્વે મંત્રાલયના રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા Group D (લેવલ-૧) માટે ૧૪ પ્રકારની ટેકનિકલ પોસ્ટ માટે ૩૨,૪૩૮ જગ્યા માટેની ભરતી જાહેર કરવામાં આવી છે, જેમાં વેસ્ટર્ન ઝોન-અમદાવાદ માટે ૪,૬૭૨ જગ્યાઓનો સમાવેશ થાય છે. મોરબી જીલ્લાના યુવાનોને સરકારી રોજગારીની તૈયારીમાં સહાયરૂપ થવાના હેતુથી જીલ્લા પંચાયત કચેરી દ્વારા મોરબી જીલ્લામાં ૧૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ શુક્રવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી ત્રણ પરીક્ષા કેન્દ્રો પર મોક-ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. મોક ટેસ્ટની વિગતો મુજબ મોરબી, માળીયા અને ટંકારા તાલુકાના ઉમેદવારો માટે શ્રી યુ.એન. મહેતા આર્ટસ કોલેજ નજર બાગ ભડિયાદ રોડ મોરબી, વાંકાનેર તાલુકાના ઉમેદવારો માટે શ્રીમતી ઈન્દુબેન લલીતભાઈ




મહેતા મહિલા કોમર્સ કોલેજ અમરસિંહજી હાઈસ્કૂલ તાલુકા પંચાયત રોડ વાંકાનેર તથા હળવદ તાલુકાના ઉમેદવારો માટે સાંદીપની ઈંગ્લીશ સ્કુલ મોરબી-માળીયા ચોકડી પાસે હળવદ. મોક ટેસ્ટ રેલ્વે ભરતી બોર્ડના સિલેબસ મુજબ ઓ.એમ.આર. પદ્ધતિથી લેવાશે. ઉમેદવારોને સવારે ૧૦:૦૦ વાગ્યે પરીક્ષા કેન્દ્ર પર હાજર રહેવું ફરજિયાત રહેશે. મોક ટેસ્ટમાં ભાગ લેવા માટે ઉમેદવારોને અગાઉ જીલ્લા પંચાયત મોરબીની વેબસાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરેલું હોવું જોઈએ. જો કોઈ રજીસ્ટ્રેશન ન કરી શક્યો હોય તો તે ઉમેદવારોએ રેલ્વે ભરતી માટે ઓનલાઇન અરજી કરેલી હોવી જોઈએ અને તેની પ્રિન્ટ સાથે લાવવી પડશે, તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબીના હાસ્ય કલાકાર ચંદ્રશેખર પંડયાને બ્રહ્મપ્રતિભા સન્માન એનાયત



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર સ્થિત બ્રહ્મ એકતા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મોરબીના જાણીતા હાસ્ય કલાકાર ચંદ્રશેખર પંડયાને બ્રહ્મપ્રતિભા સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ગુજરાતની સંસ્કૃતિ અને બ્રહ્મસમાજના ગૌરવમાં ઉમેરો કરવા બદલ તેઓને આ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫ ને રવિવારના રોજ જામનગરમાં આયોજિત વિધિવત સમારંભમાં બ્રહ્મ એકતા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મોરબીના જાણીતા હાસ્ય કલાકાર શ્રી ચંદ્રશેખરભાઈ પંડયાને બ્રહ્મપ્રતિભા સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. આ સન્માન તેમને ગુજરાતી હાસ્યસાહિત્ય અને સંસ્કૃતિના પ્રસારમાં નોંધપાત્ર યોગદાન તેમજ બ્રહ્મસમાજના ગૌરવમાં વધારો કરવા બદલ આપવામાં આવ્યું હતું. આ અવસરે તેઓને ટ્રસ્ટ તરફથી મોમેન્ટો ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં મહેસુલી અધિકારીઓની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં મહેસુલી અધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી. જેમાં જમીન શાખા, અપીલ.શાખા,યુ.એલ.સી.શાખા,મહેકમ શાખા,ઈ-ધરા શાખા,વહિવટ શાખા,રજીસ્ટ્રી શાખાની કામગીરી અને પડતર કેસો તથા અને પુરવઠા કચેરીની કામગીરી વિષે ચર્ચા કરી કલેકટરએ લગત અધિકારીઓ દ્વારા થઇ રહેલી કામગીરીની વિગતો મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં વિવિધ મુદ્દાઓ જેમાં સરકારી વિભાગોને જમીન ફાળવણીના કેસોની વિગતો, જમીન માપણી, લેન્ડ ગ્રેબિંગની અરજીઓ અને તેને લઈને થઇ રહેલી કામગીરીની વિગતો, જે તે વિભાગોની જમીન માંગણી અંગેના પ્રકરણો, તકેદારી આયોગના બાકી




રેફરન્સના કેસો, મામલતદારઓની કામગીરી અંગેની વિગતો, સરકારી જમીનની ચકાસણી, સરકારી લ્હેણાની વસુલાતની સમીક્ષા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

કલેકટરએ પડતર અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ આવે સકારાત્મક દિશામાં આયોજનબદ્ધ કામગીરી કરવા મહેસુલી અધિકારીઓને જણાવ્યું હતું. તેમજ જે તે કચેરીઓને રેકર્ડ વર્ગીકરણની કામગીરી કરવા સુચન આપ્યું હતું. તથા કર્મચારીઓ દ્વારા કરાતી કામગીરીનું સમયાંતરે મૂલ્યાંકન થાય તેના પર ધ્યાન આપવા જણાવ્યું હતું. અને રેશનકાર્ડ ઊઊંઢઈની પ્રક્રિયા વેગવંતી બનાવવા કલેકટરશ્રીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારઓ, લગત વિભાગના અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા.

# જામનગર જિલ્લાના એસ.પી. પ્રેમસુખ ડેલુની પોલીસ પરિવારના સિનિયર સિટીઝનો માટે સરાહનીય કાર્યવાહી





જામનગર જિલ્લાના એસ.પી પ્રેમસુખ ડેલુ દ્વારા પોલીસ વિભાગ માટે જુદી જુદી એક્ટિવિટી કરવામાં આવે છે, તેની સાથે સાથે પોલીસ પરિવારના સિનિયર સિટીઝનો માટે પણ અલગથી ચિંતા કરવામાં આવી હતી, અને તેઓ માટે સોમનાથ તીર્થ સહિતની યાત્રા કરાવવા માટેનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, અને પોલીસ પરિવારના વડીલ સિનિયર સિટીઝનો તેમજ નિવૃત પોલિસ કર્મચારીઓ જે તમામને બસ મારફતે સોમનાથ તીર્થની યાત્રા કરાવવા માટેની વ્યવસ્થા ગોઠવી આપવામાં આવી હતી. એસ.પી. પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગની વેલફેર સોસાયટી અંતર્ગત જામનગર જિલ્લાના પોલીસબેડામાં ફરજ બજાવતા પોલીસકર્મીઓ, કે જેઓ પોતાની ફરજ ના કારણે પરિવાર પાછળ સમય આપી શકતા નથી, જેને ધ્યાને લઈને પોલીસ પરિવારના સીનીયર સીટીઝનો કે જેઓને યાત્રા પ્રવાસ કરાવવા માટેની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.જે અનુસાર જામનગર થી ત્રણ ખાનગી બસોને તૈયાર કરીને સોમનાથ તીર્થ અને આસપાસના ધાર્મિક સ્થળોએ દર્શન કરાવવા માટે મોકલવામાં આવી હતી. તેમાં પોલીસ પરિવારના સિનિયર સિટીઝન સભ્યો, તેમજ તાજેતરમાં અથવા થોડા સમય દરમિયાન પોલીસ વિભાગમાંથી નિવૃત થયેલા હોય, પરંતુ જામનગર શહેરમાંજ વસવાટ કરતા હોય, તેવા પૂર્વ પોલીસ કર્મચારીઓને પણ એકત્ર કરીને તમામને યાત્રા કરાવવા માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.જામનગર થી બસો મારફતે ૧૫૦ થી વધુ સિનિયર સિટીઝન ને સોમનાથ તીર્થ તેમજ અન્ય ધાર્મિક સ્થળોએ યાત્રા પ્રવાસે મોકલવામાં આવ્યા હતા. પોલીસ પરિવાર માટેની આ વિશેષ કાર્યવાહીને લઈને સમગ્ર પોલીસ પરિવારે જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ નો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો, અને પોલીસ પરિવારના સિનિયર સિટીઝનોમાં પણ ખુશી જોવા મળી હતી.

# મોરબી નવયુગ લો કોલેજના વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબની શૈક્ષણિક મુલાકાત લીધી






મોરબી નવયુગ લો કોલેજના વિદ્યાર્થીઓએ સંસ્થા પ્રમુખ પી.ડી. કાંજીયાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ લેબની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. અહીં વિદ્યાર્થીઓએ વિવિધ વિભાગોની વિગતવાર માહિતી મેળવી હતી, ત્યારે આ સમગ્ર શૈક્ષણિક માર્ગદર્શન પ્રવાસમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા સ્ટાફના સભ્યો જોડાયા હતા. મોરબીની પ્રખ્યાત નવયુગ લો કોલેજ દ્વારા કાયદાના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આવેલ ફોરેન્સિક સાયન્સ લેબ (ત્ર્જ્ક)ની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા પ્રમુખ પી.ડી. કાંજીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી શૈક્ષણિક મુલાકાતમાં વિદ્યાર્થીઓએ ફોરેન્સિક વિજ્ઞાનની વાસ્તવિક પ્રક્રિયાઓ અને તેનું કાયદાકીય મહત્વ સમજવા માટે મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાત હાઈકોર્ટ પરિસર તથા ફોરેન્સિક સાયન્સ લેબની મુલાકાત લીધી, જ્યાં ડોક્યુમેન્ટ ડિવિઝન, બેલેસ્ટિક ડિવિઝન, ફોરેન્સિક સાયકોલોજી, કેમેસ્ટ્રી અને નાર્કોટિક્સ, બ્લડ આલ્કોહોલ ડિવિઝન, ડીએનએ ડિવિઝન, કોમ્પ્યુટર ફોરેન્સિક, ફિઝિક્સ ડિવિઝન, ફિંગરપ્રિન્ટ ડિવિઝન સહિતના વિભાગોનું અવલોકન કરવામાં આવ્યું હતું. દરેક વિભાગમાં તજજ્ઞો દ્વારા વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી, જેને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગ્રહણ કરી. આ શૈક્ષણિક મુલાકાત દરમિયાન કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી બલદેવભાઈ સરસવાડીયા તેમજ સ્ટાફના અન્ય સભ્યો પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા.

# જામનગરમાં સૌપ્રથમ વખત ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટ યોજાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી અને જીનીયસ ચેસ કલબના સંયુક્ત ઉપક્રમે જામનગરના આંગણે સૌપ્રથમ વખત ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતુ.જેમાં વિવિધ જિલ્લાના ૧૦૦થી વધુ રમતવીરોએ ભાગ લઈ પોતાનું કૌવત દાખવ્યું હતુ.આ ઓપન ગુજરાત ચેસ ટુર્નામેન્ટમાં ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ સહિતના જિલ્લામાંથી ૧૦૦થી વધુ રમતવીરોએ ભાગ લીધો હતો. કુલ ૬ રાઉન્ડમાં રમાયેલી આ ટુર્નામેન્ટમાં કેશોદનો ક્રિષ તન્ના ચેમ્પિયન બન્યો હતો.સુરેન્દ્રનગરથી પંકજભાઈ પંચોલી તથા ચીફ આર્બીટર તરીકે જયસિંહ નેગાંધીએ સેવા આપી હતી.કાર્યક્રમના ઈનામ વિતરણ સમારોહમાં ધારાસભ્ય



દિવ્યેશભાઈ અકબરી તથા કાર્યક્રમના મુખ્ય સ્પોન્સર જાનકી મોટરનીટી એન્ડ ચિલ્ડ્રન હોસ્પિટલના ડો.નિધીબેન કાનાણી તથા ડો.પાર્થભાઈ કાનાણી હસ્તે ખેલાડીઓને રોકડ પુરસ્કાર, સિલ્ડ અને મેડલ એનાયત કરાયા હતા.

આ કાર્યક્રમમાં અતિથિ તરીકે ડીકેવી કોલેજના પ્રિન્સિપાલ ડો.પરેશ બાણુગરિયા, ડો.કમલેશભાઈ વિસાણી, કમલેશભાઈ શુકલ, ડો.મેહુલભાઈ બારાઈ, ગીરીશભાઈ અમેથિયા, દયાળજીભાઈ ભારદીયા, કિશોરભાઈ મજીઠીયા, કમલેશભાઈ સંઘાણી સુરક્ષા સેતુ સોસાયટીના હરેશ રંગપરા, રામજીભાઈ સાખંટ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર આયોજનને સફળ બનાવવા જામનગર જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી તથા જીનીયસ ચેસ કલબના ફાઉન્ડર ક્રિષ્નાબેન ઠક્કર તથા વિશાલભાઈ પોપટ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

# જામનગરમાં નદી ઉંડી ઉતારવાનું કામ શરૂ



જામનગર મહાનગરપાલિકા દ્વારા નાગેશ્વર જતા માર્ગ ઉપર આવતી નાગમતી નદીને ઉંડી ઉતારવા માટે તાજેતરમાં સ્ટેન્ડીંગ કમિટિમાં કમિશ્નરની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. આ પછી આ કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.નદીને ઉંડી ઉતારવાની કામગીરીથી નદીની જળસંગ્રહ શકિતમાં વધારો કરવામાં આવશે અને તેને સલગ્ન કામગીરીના ભાગરૂપે અહીં ચેકડેમની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે.વોર્ડ નં.૧૬માંથી પસાર થતી નદીના પટમાં ચાલતી કામગીરીનું નિરિક્ષણ કરવા જામનગર દક્ષિણ વિભાગના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મહાનગરપાલિકના સીટી ઈજનેર ભાવેશ જાની તથા અન્ય અધિકારીઓ પહોંચ્યા હતા. ચોમાસા પહેલા આ કામગીરી કેટલે અંશે પૂરી થશે તે આગામી સમયમાં ખબર પડશે.

# ખાખરાળાં પ્રાથમિક શાળાના શતાબ્દી વર્ષની આગામી ૨ મેના ભવ્ય ઉજવણી કરાશે

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના ખાખરાળાં ગામની પ્રસિદ્ધ પ્રાથમિક શાળાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ૨ મે ૨૦૨૫ના રોજ શતાબ્દી મહોત્સવ, ગુરુ વંદના અને સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યો અને શિક્ષકોને આ ભવ્ય પ્રસંગે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પરમ પૂજ્ય કનકેશ્વરીદેવીજી, પરમ પૂજ્ય ભાણદેવજી મહારાજ અને મહંત દામજી ભગતજીની વિશિષ્ટ પ્રેરિત હાજરી રહેશે.

મોરબીના ખાખરાળાં ગામમાં આવેલી પ્રાથમિક શાળા ૧૦૦ વર્ષ પૂર્ણ કરી રહી છે, જે અંતર્ગત તારીખ ૨ મે ૨૦૨૫ શુક્રવારના રોજ સવારે ૮ વાગ્યાથી ભવ્ય અને ભાવપૂર્ણ કાર્યક્રમો યોજાનાર છે. આ ત્રિવિધ કાર્યક્રમમાં શાળાનો શતાબ્દી મહોત્સવ, આ શાળામાં વર્ષો સુધી જ્ઞાન આપનાર ગુરુજનો માટે ગુરુ વંદના અને ભેગા થતા વિદ્યાર્થીઓ માટે સ્નેહમિલનનો ઉમંગભેર કાર્યક્રમ રહેશે.

આ અવસરે ખાખરાળાં ગામ સમસ્ત દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને આ શાળામાં સેવારત રહેલા આચાર્યો તથા શિક્ષકોને ખાસ આમંત્રણ પાઠવવામાં આવે છે. આ સિવાય, જેમના અધ્યાત્મ અને યોગવિદ્યા માર્ગદર્શન રૂપ પુસ્તકો સમગ્ર ગુજરાતમાં લોકપ્રિય છે એવા શાંતિ નિકેતન આશ્રમ-જોધપરના પરમ પૂજ્ય ભાણદેવજી મહારાજ, મહા મંડલેશ્વર ૧૦૦૮ શ્રી કનકેશ્વરીદેવીજી (ખોખરાધામ-બેલા) તથા નકલંક મંદિર-બગથળાના મહંત શ્રી દામજી ભગત દ્વારા શ્રોતાઓને આશીર્વચન આપશે. શતાબ્દી કાર્યક્રમના સુચારુ આયોજનના ભાગરૂપે શાળામાં વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરેલ હોય કે શિક્ષક/આચાર્ય તરીકે સેવા આપી હોય, તેવા તમામ લોકોને કાર્યક્રમ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત છે. રજીસ્ટ્રેશન માટે મોબાઈલ નં. ૯૮૯૮૬૪૩૨૩૫ અને ૯૮૭૯૦૩૫૦૮૯ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે, આ ઉપરાંત જો કોઈ ભૂતપૂર્વ આચાર્ય કે શિક્ષક હૈયાત ન હોય, તો તેમના પરિવારજનોએ તેમના સ્થાને હાજરી આપી સન્માન સ્વીકારવા હાજર રહેવા યાદીમાં જણાવ્યું છે.

# સીટી બસના કોન્ટ્રાક્ટર અને ભાજપના મળતીયાઓ સામે ગુનો દાખલ કરવા કોંગ્રેસની માગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે રાજકોટમાં સીટી બસ ના ડ્રાઈવર દ્વારા માતેલ સાંઢ ની જેમ બસ ચલાવી ચાર લોકોના મોતના મુખમાં હોમનાર સામે કડક કાર્યવાહી કરવા રાજકોટ શહેર કોંગ્રેસે માંગ કરી હતી રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત સીટી બસ અંગે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા વખતોવખત રજૂઆતો કરવા છતાં આંખ આડા કાન કરવામાં આવતા ગઈકાલે ઈન્દિરા સર્કલ પાસે જે ઘટના બને છે તેમાં ચાર વ્યક્તિના મોત થયા છે અને ત્રણને ઈજા થાય છે તે અંગે જવાબદાર ઈલેક્ટ્રીક બસ દિલ્હીની કંપનીની કરાર વિશ્વમ સીટી બસ ઓપરેશન્સ પ્રાઈવેટ લિમિટેડ ના જવાબદાર કોન્ટ્રાક્ટર અને પેટા કોન્ટ્રાક્ટ નિયમ મુજબ ન આપી શકાય તેમ છતાં આપવામાં જો આવેલ હોય તો તેવા ભાજપના પૂર્વ મહામંત્રી વિક્રમ ડાંગર અને મહાનગરપાલિકાના પૂર્વ અધિકારી જસ્મીન રાઠોડ સંચાલન કરતા હોય તો આ તમામ સામે નિયમ મુજબ ગુનો દાખલ કરી કોન્ટ્રાક્ટર ની ડિપોઝિટ જપ્ત કરી તાત્કાલિક અસરથી બ્લેક લિસ્ટ કરવા કોંગ્રેસે આજે માંગ કરી હતી અ

મ્યુનિસિપલ કમિશનરને આપેલા આવેદનમાં તેઓએ જણાવ્યું હતું કે અમારી જાણ મુજબ ડ્રાઈવરની લાઈસન્સને અવધિ તારીખ ૧૭/૦૨/૨૫ ના પૂર્ણ થઈ હોવા છતાં સીટી બસનું ડ્રાઈવિંગ પોતે કરતો હોય તો આ અંગે પણ રાજકોટ મહાનગરપાલિકાના ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ ના જવાબદાર અધિકારીની બેદરકારી ફલિત થાય છે જે કોઈ જવાબદાર હોય તેની સામે ગુનો દાખલ કરવો અને સસ્પેન્ડ કરવા અમારી માંગ છે.







(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાત્કાલિક અસરથી આ રાજકોટ શહેરમાં યમરાજની જેમ નીકળતી સીટી બસોનું સંચાલન કરતી દિલ્હીની કંપનીને બ્લેકલિસ્ટ કરી રાજકોટ મહાનગરપાલિકા પોતે જ સંચાલન કરે ભારતના અન્ય શહેરોમાં મહાનગરપાલિકા નગરપાલિકા સીટી બસોનું સંચાલન કરી રહી છે. અને સીટી બસ નું સંચાલન કરવાની દાનત જો રાજકોટ મહાનગરપાલિકાની ન હોય તો ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી) જે અગાઉ બે દાયકા પહેલા વ્યવસ્થિત સંચાલન એસટી દ્વારા કરવામાં આવતું હતું તો ફરીથી સરકાર માંથી આ અંગે મંજૂરી લઈ એસ.ટી ને સંચાલન કરવા અપીલ કરવી જોઈએ.

હાલ મોંઘવારીના કપરા કાળમાં મૃતકોને ફક્ત ૧૫ લાખની સહાય કરી છે. તે રકમ પર્યાપ્ત નથી તેને બદલે ૫૦ લાખની સહાય કરો અને ઈજાગ્રસ્તોને ૨ લાખને બદલે ૫ લાખની સહાય આપવા અમારી માંગ છે. અને સહાયની જે રકમ ચૂકવવામાં આવે તે રાજકોટના પ્રજાજનોના પરસેવાના કમાણીમાંથી ભરેલા ટેક્સમાંથી નહીં પરંતુ દિલ્હી સ્થિત સીટી બસના કોન્ટ્રાક્ટ ની ડિપોઝિટ ની રકમ માંથી સહાયની રકમ ચૂકવવામાં આવે હાલ મૃતકોને ૧૫ લાખ જ્યારે ચૂકવવામાં આવ્યા છે ત્યારે અગાઉ જે સીટી બસની ઠોકરે આવી અને મૃત્યુ પામ્યા હોય તેવા પરિવારોને પણ નિયમ મુજબ સહાયની રકમ ચૂકવવામાં આવે.

## સીટી બસના અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને ૫૦ લાખનું વળતર ચૂકવવામાં આવેઃ આપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**





(તસ્વીરઃ આનંદ જાવિયા)

### સીટી બસના કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરીને કોન્ટ્રાકટ રદ્દ કરવા માંગઃ આમ આદમી પાર્ટી દ્વારા રાજકોટ સીટી બસ અકસ્માત મુદ્દે પોલીસ કમિશનર અને મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું

આમ આદમી પાર્ટીના રાજકોટ શહેર સંગઠન દ્વારા આજે રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશીની આગેવાનીમાં મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશનરને આર.એમ.સી. દ્વારા સંચાલીત સીટી બસ સેવાને નિયમોનુસાર વ્યવસ્થીત સંચાલન કરવા બાબતે આવેદનપત્ર આપ્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટી દ્વારા આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે આર.એમ.સી. સંચાલીત રાજપથ ટ્રાન્સપોર્ટ (સીટી બસ સેવા) તથા બી.આર.ટી.એસ.નું સંચાલન રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે. આ સીટી બસને લગતી કામગીરીના કોન્ટ્રાકટ આધારીત કામગીરીમાં વારંવાર સંચાલન અને નિભાવણી બાબત વિવાદાસ્પદ ભરેલી છે. ડ્રાઈવર દ્વારા બેફીકરાઈથી બસ ચલાવી ચાલુ ડ્રાઈવિંગમાં મોબાઈલમાં વાતો કરવી, વિડીયો જોવા જેવી તેમજ કેફી દ્રવ્યોનું સેવન કરીને બેફામ ડ્રાઈવિંગના ઘણા કિસ્સાઓ મિડીયા દ્વારા સામે આવેલ છે. ઈન્દીરા સર્કલ પાસે રાજપથ સીટીબસના અકસ્માત દ્વારા ચાર વ્યકિતઓનો ભોગ લીધેલ હોય આ ઘટનાને ધ્યાને લઈને આ કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરીને કોન્ટ્રાકટ રદ્દ કરવા અને સીટી બસનું સંચાલન આર.એમ.સી. હસ્તકગત કરવામાં આવે તેવી આમ આદમી પાર્ટીની માંગણી છે. આમ આદમી પાર્ટીની વધુ માંગણી છે કે મૃતકોના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે. વિશેષમાં જણાવવાનું કે, શહેરમાં નિયમોનુંસાર સ્પીડ બ્રેકર અને રોડ માર્કીંગ તથા રોડ એન્જીનિયરીંગ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે તો અકસ્માત ઘટી શકે જે ટી.પી.ના રોડ ઉપર સીટી બસ ચાલે છે તે ટી.પી. ના રોડ ઉપર માર્કીંગ પટટા ફરજીયાત બનાવવામાં આવે જેથી રોડ માર્કીંગના પટટામાં કોઈપણ પ્રકારનું વાહન પાર્કિંગ થાય નહી. તેમજ સીટી બસ સ્ટોપના નડતરરૂપ સ્ટેન્ડ હટાવવામાં આવે અને સીટી બસ સ્ટોપ માટેના બોકસ માર્કીંગ કરવાથી સીટી બસનું સ્ટોપેજ વ્યવસ્થિત થઈ શકે. આમ કરવાથી સીટી બસનું સંચાલન સુચારુ થઈ શકે તેવી આમ આદમી પાર્ટીની માંગણી છે.

## ૭૦મો રેલ્વે સપ્તાહ પુરસ્કાર સમારોહઃ પશ્ચિમ રેલ્વેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે રાજકોટ ડિવિઝનને મળ્યા ચાર પ્રતિષ્ઠિત શિલ્ડ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વેનો ૭૦મો રેલ સપ્તાહ એવોર્ડ સમારોહ બુધવાર, ૧૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ નરીમાન પોઈન્ટ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સમારોહ દર વર્ષે પશ્ચિમ રેલ્વેના અધિકારીઓ અને કર્મચારીઓની ટીમની મહેનત અને સમર્પણને માન્યતા આપવા માટે યોજવામાં આવે છે, જેઓ હંમેશા પડકારોનો સામનો કરવા તૈયાર રહે છે. રેલ સપ્તાહ દરમિયાન, વિવિધ શ્રેણીઓ હેઠળ ડિવિઝનો/એકમોને કાર્યક્ષમતા શિલ્ડ એનાયત કરવામાં આવે છે. આ મહત્વપૂર્ણ પ્રસંગે, જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર એ વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ ક્ષેત્રોમાં સૌથી વધુ કાર્યક્ષમ જણાતા વિભાગો અને એકમોને પ્રતિષ્ઠિત જનરલ મેનેજરની એફિશિયન્સી શિલ્ડ અર્પણ કર્યા. આ વર્ષે રાજકોટ ડિવિઝન ને વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે કુલ ૪ શિલ્ડ એનાયત કરવામાં આવ્યા છે.




રાજકોટ ડિવિઝન ને મુસાફરોની ફરિયાદોના તાત્કાલિક નિવારણ માટે રેલ મદદ શીલ્ડ, ઉર્જા સંરક્ષણ કાર્યક્ષમતા શીલ્ડ, કાર્મિક શીલ્ડ અને શ્રેષ્ઠ સુધારણા શીલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વિની કુમારને શિલ્ડ અર્પણ કરવામાં આવી હતી જેમાં સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અધિકારીઓમાં રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી સુનિલ કુમાર મીના, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રીમતી રજની યાદવ અને સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર શ્રી એ યુ સોલંકી શામેલ હતાં. રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર અશ્વની કુમારે આ સિદ્ધિ બદલ સમગ્ર ટીમને અભિનંદન આપ્યા અને ભવિષ્યમાં પણ આ જ ગતિ જાળવી રાખવા માટે પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે આ બધી પ્રતિષ્ઠિત શિલ્ડ મેળવવી એ તમામ અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત અને સમર્પણનું પરિણામ છે.

## દેશમાં ભર ઉનાળામાં ડબલ સિઝન

### ગુજરાત, રાજસ્થાન, પંજાબ સહિતના રાજયોમાં હીટવેવઃહિમાચલમાં ભારે વરસાદ-આંધીથી વ્યાપક નુકશાન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ભરઉનાળામાં ડબલ સિઝન સર્જાય હોય તેમ ગુજરાત સહિતના રાજયોમાં પ્રચંડ ગરમીનો પ્રકોપ છે જયારે ઉત્તર-પશ્ચીમના પર્વતીય રાજયોમાં ભારે વરસાદ તથા આંધી-તોફાનનો કહેર રહ્યો હતો.

દેશના મધ્ય ભારતમાં સૂર્યકોપ રહ્યો છે. ગુજરાત-પંજાબ જેવા રાજ્યોમાં તાપમાનનો પારો ૪૩ ડીગ્રી જયારે રાજસ્થાનમાં ૪૫ ડીગ્રીને પાર થયો છે. હવામાન વિભાગે આવતા બે દિવસ માટે રાજસ્થાન તથા ગુજરાત માટે હીટવેવનુ એલર્ટ જારી કર્યુ છે.

બીજી તરફ હિમાચલ પ્રદેશ સહિત પશ્ચિમી હિમાલયન ક્ષેત્રોમાં વરસાદ અને કરાવૃષ્ટિનો દોર ૨૦ એપ્રિલ સુધી ચાલુ રહેવાનુ અનુમાન દર્શાવાયુ છે. હિમાચલપ્રદેશમાં વરસાદ તથા કરાવૃષ્ટિનુ ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે આવતા ત્રણ દિવસે મધ્યભારતમાં તાપમાનમાં વધુ ૨થીડ ડીગ્રીનો વધારો થવાની સંભાવના છે. મહારાષ્ટ્ર-ગુજરાતમાં બે દિવસમાં તાપમાનમાં ત્રણ ડીગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

રાજસ્થાનમાં આવતીકાલ સુધી હીટવેવની સંભાવના છે. ઉતરપ્રદેશમાં રાત્રીનું તાપમાન પણ ઉંચુ રહી શકે છે. પંજાબમાં તાપમાન ૪૩.૩ ડીગ્રીએ પહોંચી ગયુ છે. બીજી તરફ પર્વતીય રાજયોમાં વરસાદ સાથે આંધી ફુંકાઈ



હતી. ૮૦ કિલોમીટરની ઝડપે પવન સાથે વરસાદમાં મકાનોની છત, વૃક્ષો-થાંભલા ઉખડી ગયા હતા. મકાનોના કાચ પણ તૂટી ગયા હતા. નવુ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રિય થવાથી આ સ્થિતિ સર્જાઈ હતી. લાહૌલ ઘાટીના ઉંચાઈવાળા ભાગોમાં હળવી હિમવર્ષા તથા મેદાની ભાગોમાં વરસાદ થયો હતો. પરિણામે તાપમાનનો પારો નીચે સરકયો હતો. બદલતા હવામાન વચ્ચે મનાલી-લેહનો માર્ગ આ વર્ષે એક મહિનો મોડો ખોલવાની જાહેરાત કરવામાં આવ્યુ છે.

હજુ ૫૭ કી.મી.ના માર્ગ પર બરફ-કાટમાળ હટાવવાનું બાકી છે. ૧૩૦૦૦ ફુટની ઉંચાઈ ધરાવતા માર્ગ પર સતત હિમવર્ષા વચ્ચે અત્યારે પણ તાપમાન માઈનસ ૧૨ ડીગ્રી છે અને અનેક સ્થળે ૪૦-૫૦ ફુટની બરફની દિવાલો છે.

## રાજકોટ ફરી રાજયનું સૌથી ગરમ શહેર : ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું

### અમરેલીમાં ૪૨.૫ સહિત રાજયનાં સાત શહેરોમાં ૪૦ થી ૪૩ ડિગ્રી વચ્ચે તાપમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે પણ રાજયનું સૌથી ગરમ શહેર રાજકોટ રહેવા પામ્યું હતું અને ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયુ હતું. જયારે, અમદાવાદમાં ૪૧.૯, અમરેલીમાં ૪૨.૫, વડોદરામાં ૪૦.૪, ભુજમાં ૪૧.૫, ડિસામાં ૪૦.૬ અને ગાંધીનગરમાં ૪૧.૫ ડિગ્રી, તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉપરાંત જામનગરમાં છેલ્લા કેટલાય દિવસથી પારો સતત ઉપર નીચે થઈ રહ્યું છે ત્યારે ફરી એકવાર મહતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો નોંધાતા મહત્તમ તાપમાન ૩૬.૫ ડીગ્રી નોંધાયું હતું જેના પગલે ગરમીમાં વધારો થયો હતો.

જ્યારે એક ડીંગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૨૩.૫ ડીગ્રી નોંધાયું હતું. મહત્તમ તાપમાનમાં થયેલા વધારાના પગલે બપોરે ગરમી અનુભવાઈ હતી. નગરમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ત્રણ ટકાના વધારા સાથે ૮૫ ટકા રહ્યું હતું. તો પવનની ગતિ પ્રતિકલાક ૧૨.૧ કિમીના તેજીલા વાયરાઓના પગલે સાંજથી વાતાવરણમાં ઠંડક પ્રસરવા લાગતા પ્રજાજનોએ રાહત અનુભવે છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રી વચ્ચે ઝોલા ખાતો હોય વાતાવરણમાં આકરી ગરમીનો અનુભવ સૌ કોઈ કરી રહયા છે. અને બપોરનાં ૧૨ વાગ્યાથી લઈને સાંજનાં ૫ સુધી રાજ માર્ગો પર સુમસામ ભાસી રહયા છે. અમરેલી શહેરમાં આકરી ગરમીથી પશુ પક્ષીઓ પણ સલામત સ્થળે ખસી



જાય છે. અને ટ્રાફિક ધરાવતા વિસ્તારોમાં પણ ચકલુ ફરકતું નથી. શહેરના ચિતલ રોડ, લાઠી રોડ, ટાવર રોડ, લાયબ્રેરી રોડ સહિતનાં વિસ્તારોમાં બપોરે પાંચ કલાક સુધી સુમસામ બની જાય છે.

અમરેલીમાં પાલિકા દ્વારા થતાં પાણી વિતરણમાં પણ વિલંબ થઈ રહયો છે. તો પાદરમાં આવેલ ઠેબી જળાશયનું પણ તળિયું દેખાયુ હોય સૌની યોજના અંતર્ગત ઠેબી જળાશયને પાણીથી ભરવાની પણ જરૂરીયાત ઉભી થઈ છે.

અમરેલી શહેરમાં આગમી દોઢ મહિના સુધી તાપમાનનો પારો ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ રહેવાનો હોય સ્થાનિકથી લઈને નર્મદા અને મટા તળાવોથી લઈને જળાશયો સુધી પાણીની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે તે જરૂરી છે.

## રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી જઈ શકે છે

- **જિલ્લામાં હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની આગાહી**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની અને હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર, ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી-તરઘડીયાની યાદીમાં જણાવાયું છે કે, રાજકોટ જિલ્લામાં ૧૬ થી ૨૦મી એપ્રિલ સુધીમાં હવામાન સુકું, ગરમ અને મોટા ભાગે ચોખ્ખું રહેવાની શક્યતા છે.

આ સમયગાળામાં મહત્તમ તાપમાન ૪૨ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસ તથા લઘુતમ તાપમાન રાત્રિ દરમિયાન ૨૩ થી ૨૪ ડિગ્રી સે.જેટલું રહેવાની સંભાવના છે. જેમાં ૧૭ તથા ૧૮મી એપ્રિલે મહત્તમ ૪૪ ડિગ્રી, જ્યારે ૧૯ મી એપ્રિલે ૪૩ ડિગ્રી અને ૨૦મી એપ્રિલે ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે.

આ સમયગાળામાં મહત્તમ ભેજનું પ્રમાણ ૭૫-૮૫ જ્યારે લઘુતમ ભેજ ૨૦-૨૦ ટકા રહી શકે છે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૫થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

## માતાઓ, બહેનોની મદદ કરનાર ૧૮૧ના પૈડા થભી ગયા

મુખ્ય સમાચાર રાજકોટ

રાજ્યમાં મહિલાઓની સુરક્ષા માટે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સીધા જ માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ પોલીસની મદદથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન કાર્યરત છે. જેમાં ૧૮૧ ઉપર ફોન કરતા જ પરેલુ હિંસા, છેડતી કે અન્ય કોઈપણ મુશ્કેલ સ્થિતિમાં ૧૦૮ની જેમ જ જરૂરતમંદ માતાઓ-બહેનોને નિશુલ્ક સેવા આપવામાં આવી રહી છે. જો કે, સરકારની આ સેવામાં ૧૮૧ની રેસ્કયુવાનના પેમેન્ટ ન ચુકવવામાં આવતા સમગ્ર સૌરાષ્ટ્રમાં મંગળવારે સવારથી ૧૮૧ની સેવા ખોરંભે ચડી હોવાનું સામે આવ્યું છે. ૧૮૧ના ઓપરેશન હેડે પણ સમસ્યા હોવાનું જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ મુજબ રાજ્યમાં મહિલા સલામતી માટે આપતકાલીન સ્થિતિમાં મદદ માટે ગુજરાત સરકારે ૧૮૧ હેલ્પલાઈન શરૂ કરી છે જેમાં ખાનગી એજન્સી અને પોલીસ સંયુક્ત રીતે કામગીરી કરી માતાઓ-બેહનો સાથે ઘરેલુ હિંસા, છેડતી કે કોઈપણ મુશ્કેલી ભરી સ્થિતિમાં બેહનો સુધી તત્કાલ મદદ પહોંચાડવામાં આવે છે. જો કે, મંગળવારે સવારથી રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જુદા-જુદા જિલ્લામાં આવી ૧૫ રેસ્કયુવાન પુરી પાડતા કોન્ટ્રાકટરો દ્વારા સેવા ઠપ્પ કરી દેવામાં આવી હતી. વધુમાં આ મામલે ૧૮૧ના ઓપરેશન હેડ નરેન્દ્ર ગૌહિલનો સંપર્ક સાધતા તેઓએ પણ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં સમસ્યા હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ૧૮૧ હેલ્પલાઈન માટે કુલ ૪૭ વાહનો કાર્યરત છે જેમાં રાજકોટમાં ૫ તેમજ મોરબી, ભાવનગર, જૂનાગઢ, બોટાદ સહિતના અલગ અલગ જિલ્લામાં કુલ ૧૫ વાહનો બંધ હોવાનું હાલમાં સામે આવ્યું છે. જો કે, હાલમાં ખાનગી વાહન કોન્ટ્રાકટરના કારણે મુશ્કેલીભરી સ્થિતિ નિર્માણ થતા ૧૮૧ હેલ્પલાઈનમાં આવતા કોલમાં મદદ માટે અન્ય વાહનો તેમજ પોલીસના વાહનોની મદદ લેવામાં આવી રહી હોવાનું પણ સામે સૂત્રોના જણાવ્યા ત્રણેક મહિનાથી ખાનગી વાહન નસ્રકોન્ટ્રાક્ટરને નાણાં ચુકવવામાં ન આવ્યા હોવાનું જાણવા મળે છે.જો કે, સમગ્ર મામલે વાહન કોન્ટ્રાકટર સાથે વાટાઘાટો ચાલુ હોવાનું અને વહેલી તકે ૧૮૧ના રેસ્કયુવાહનો ફરી કામે ચડી જાય તેમ હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. કામ કરે પોલીસને જસ ખાટે ૧૮૧




રાજકોટ સહિત રાજ્યભરમાં ૧૮૧ અભયમ સેવા પોલીસની મદદથી જ ચાલી રહી છે અને મુશ્કેલીભરી સ્થિતિમાં પોલીસ સ્ટાફ જ મામલો થાળે પાડતા હોય છે ત્યારે હાલમાં રેસ્કયુવાહનની ગેરહાજરીમાં પણ ૧૮૧ હેલ્પલાઈન હેલ્પલાઈન પોલીસ પોલીસ ભરોસે જ હોવાનું સામે આવ્યું છે.

## ગરમીમાં દૂધાળા પશુઓને ઠંડક આપવા પાણી છંટકાવ સાથે લીલો ચારો વધુ આપવો

- **બાગાયતી પાકોને આવરણ આપવાથી ભેજ જળવાઈ રહેશે**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાલ રાજકોટ જિલ્લામાં આગામી ચાર દિવસ ગરમી વધવાની અને તાપમાન ૪૪ ડિગ્રી સુધી જવાની આગાહી વ્યકત કરાઈ છે, ત્યારે ગરમીમાં પશુઓ તેમજ પાકની જાળવણી માટેના સૂચનો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના તરઘડીયા કેન્દ્ર દ્વારા જારી કરવામાં આવ્યા છે.

જે મુજબ, ગરમીની સિઝનમાં પશુઓને બપોરના સમયે વૃક્ષોના છાંયડામાં અથવા શેડમાં રાખવા. તાપમાન વધારે રહેવાના કારણે પશુઓને મિનરલ મિક્ષ્ચરયુકત પીવાનું સ્વચ્છ પાણી આપવું. દુધાળા પશુઓને ઉનાળામાં ઠંડક આપવા પાણીનો છંટકાવ કરવો તેમજ લીલા ચારાનું પ્રમાણ વધારવું. હાલના ગરમ અને સુકા હવામાનના કારણે શાકભાજી પાકોને સાંજના અથવા સવારના સમયે હળવું પિયત આપવું. શાકભાજી અને બાગાયતી પાકોને ગરમીની ઓછી અસર થાય તે માટે પાક અવશેષોનું અથવા પ્લાસ્ટિક આવરણ કરવું. જેથી જમીનમાં ભેજ જળવાઈ રહે. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વેપારી સાથે ઠગાઈ થઈ હોય તો પણ GST ચુકવવો પડે

## રાજકોટની સબમર્સીબલ કંપનીના કેસમાં જીએસટી ઓથોરીટી ફોર એડવાન્સ રૂલીંગનો ચુકાદો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એક દેશ એક કાનુનનાં ભાગરૂપે લાગુ થયેલા જીએસટી કાયદાની કેટલીક અટપટી જોગવાઈઓની વખતોવખત વિવાદના કિસ્સા સામે આવતા જ રહ્યા છે. આવા જ એક વિવાદીત કેસમાં ગુજરાત જીએસટી ઓથોરીટી ફોર એડવાન્સ રૂલીંગ દ્વારા એવો ચુકાદો આપવામાં આવ્યો છે કે વેપારી ઠગબાજોની ચૂંગાલમાં ફસાયો હોય તો પણ માલના વેચાણ પર જીએસટી ચુકવવો જ પડે.

જીએસટી વસુલાત વેચાણ પર નહીં પણ સપ્લાય પર આધારીત છે.એટલે વેપારીને વેચેલા માલનું પેમેન્ટ ન મળે અને છેતરપીંડી થાય તો પણ તેને સપ્લાય કરેલ માલ પર ટેકસ ચુકવવો પડે.

રાજકોટ સ્થિત સબ મર્સીબલ ઉત્પાદક એકયુબ એન્જીટેક કંપનીએ આસામ સ્થિત કંપની દ્વારા થયેલી છેતરપીંડીને આગળ ધરીને જીએસટી ચુકવવા મામલે ઓથોરીટી પાસેથી સ્પષ્ટતા માંગી હતી. ૨૦૨૩ માં કંપનીએ રૂા.૧૪.૫૧ કરોડની કિંમતનાં ૫૬૬૦ પંપ માતક ઓટોનોમસ કાઉન્સીલને મોકલ્યા હતા.

પછી એવુ માલુમ પડયુ કે બોગસ દસ્તાવેજોનાં આધારે આ વ્યવહાર કરાયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ થઈ હતી.જીએસટીની જવાબદારી વિશે ઓથોરીટી પાસે જીએસટીની જવાબદારી વિશે ઓથોરીટી પાસે સ્પષ્ટતા માગવામાં આવી હતી. આઈજીએસટીની કલમ સાથે આગળ ધરવામાં આવી હતી.

ઓથોરીટીએ આપેલા ચુકાદામાં એમ કહ્યુ છે કે આઈજીએસટી કાયદાની કલમ ૨૦ તથા સીજીએસટીની કલમ ૧૨ હેઠળ કંપનીએ માલની સપ્લાય કરી છે. જીએસટી કાયદા મુજબ માનવ વપરાશના શરાબ સિવાયના માલ તથા સેવાની સપ્લાય પર ટેકસ લાગુ પડે છે.

માલની ફીઝીકલ ડીલીવરી થઈ છે ત્યારે બનાવટી ઓર્ડરનાં આધારે છેતરપીંડીની દલીલ લાગુ પડતી નથી.

છેતરપીંડીની બાબત કરારમાં લાગુ પડે છે પરંતુ અરજદાર નસપ્લાયથમાંથી બાકાત રહ્યા નથી.

## એક મહિને મળેલી બેઠકમાં ૯૦ કેસ રજૂ કરાયાઃ લેન્ડ ગ્રેબિંગ કમીટીએ ૫૫ કેસ ફગાવ્યા

રાજકોટ શહેર–જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી જમીન પચાવ્યાની ફરિયાદો વધી છે.આજે રાજકોટ જિલ્લા લેન્ડ ગ્રેબિંગ કમિટીની એક મહિને મળેલી બેઠકમાં ૯૦ જેટલા કેસ રજૂ કરવામાં આવ્યા હતા તેમાં ૫૦ ટકાથી વધુની ફરિયાદમાં કોઈ વજૂદ નહીં હોવાથી કમિટીએ ૫૫ કેસ ફગાવી દિધા છે. જમીન–મકાનમાં પેશકદમી અંગેની ફરિયાદો માટે નવા નિયમ મુજબ કલેક્ટર તંત્ર દ્વારા સુનાવણી કરવામાં આવે છે. તેમાં કેટલાક આસામીઓને રૂબરૂ સાંભળ્યા બાદ ૯૦ કેસમાંથી માત્ર એક કેસમાં જ પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં જમીન દબાવવામાં આવી હોવાની ફરિયાદને આધારે પોલીસ તંત્ર દ્વારા હવે કાર્યવાહી કરવામાં આવશે. શહેર–જિલ્લામાં 30 કેસમાં અરજદારો દ્વારા ફરિયાદ કરવામાં આવતા આસામીઓ દ્વારા સમાધાનના પ્રયત્ન કરવામાં આવતા આજની બેઠકમાં 30 કેસ તો સમાધાનના નામે પાછા ખેંચવામાં આવ્યા હતા.

# હાસ્ય કલાકાર હકાભા ગઢવીની કારને અકસ્માત

## અકસ્માતમાં હકાભા અને તેમના ડ્રાઈવરને કોઈપણ ઈજા પહોંચી ન હતી

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

હાસ્ય કલાકાર હકાભા ગઢવીની કારને આજે અકસ્માત નડયો હતો. આજે સવારે હકાભા ગઢવી પોતાની કારમાં હળવદથી મોરબી માળિયા તરફ જઈ રહ્યા હતા તે સમયે ધનાળા ગામ પાસે ટેન્કર પાછળ કાર ટકરાતા અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માતમાં હકાભા અને તેમના ડ્રાઈવરને કોઈ પણ ઈજા પહોંચી ન હતી.

મળતી વિગતો અનુસાર હાસ્ય કલાકાર હકાભા ગઢવીને અકસ્માત નડયો છે.

હકાભા આજે સવારે ૧૦-૩૦ની આસપાસ પોતાની કારમાં હળવથી મોરબીમાળિયા તરફ જઈ રહ્યા હતા. તે વખતે હળવદ તાલુકાના ધનાળા ગામ પાસે હાઈવેની વચ્ચે આવેલા




ડિવાઈડરમાં રહેલા વૃક્ષોનો ટેન્કર પાણી પીવડાવી રહ્યું હતું.

તે વખતે પાછળથી આવતી હકાભા ગઢવીની કાર અચાનક ટેન્કર સાથે ટકરાઈ હતી. જેના કારણે ડ્રાઈવર તરફનો કાચ તૂટી ગયો હતો અને બોનેટમાં નુકસાન થયું હતું. અકસ્માત સમયે હકાભા ગઢવી કારમાં હાજર હતા પરંતુ કાર ડ્રાઈવર ચલાવતો હતો. જો કે કારમાં બેઠેલા હકાભા ગઢવી કે અન્ય કોઈને કોઈ પણ પ્રકારની ઈજા થઈ ન હતી.

# ઈન્દિરા સર્કલ પાસે અકસ્માત સર્જી ચાર નિર્દોષનો ભોગ લેનાર ડ્રાયવર સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધાયો

## બ્રેક બરાબર હતી, બસમાં કોઈપણ પ્રકારની ખામી ન હોવાનો RTOનો રીપોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્દિરા સર્કલ પાસે અકસ્માત સર્જી ચાર નિર્દોષનો ભોગ લેનાર ડ્રાયવર સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી ગાડીના ટુકડા, લોહીના સેમ્પલ લઈ તપાસ શરુ કરવામાં આવી છે ડીસીપીએ જણાવ્યું હતું કે બેક ફેઈલ થવાની વાત ખોટી છે બસમાં કોઈપણ પ્રકારની ખામી ન હોવાનો છળઘએ રીપોર્ટ આપ્યો છે આ કેસમાં દાખલ ડ્રાયવરને હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ આપ્યા બાદ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના ડાકવડલા ગામના અને હાલ સત્યમ પાર્કમાં રહી ખેતીકામ કરતા રવિરાજભાઈ રાણાભાઈ ગીડા ઉ.૨૯એ તેના ભાઈ રાજુભાઈ મનુભાઈ ગીડા, જીગ્નેશ ઉર્ફે લાલો હર્ષદભાઈ ભટ્ટ, સંગીતાબેન ધનરાજભાઈ ચૌધરી અને કિરણબેન ચંદ્રેશભાઈ કક્કડના મોત નીપજાવવા મામલે તેમજ ચાર વ્યક્તિ વિશાલ મકવાણા, સુરજ રાવલ, સાનિયાબેન રાજગોર, હસમુખભાઈ આડેસરા, વિરજબેન ખાચર સહિતનાને ઈજા પહોચાળવા અંગે સીટી બસના ચાલક રતનપર રહેતા શિશુપાલસિહ દિલુભા રાણા સામે બીએનએસની કલમ ૧૦૫, ૧૨૫ (એ), ૧૨૫ (બી), ૨૮૧, અકસ્માત સર્જી ચાર નિર્દોષનો ભોગ લેનાર સિટી બસના ડ્રાયવર સામે સાપરાધ મનુષ્ય વધનો ગુનો ૩૨૪(૫) તથા એમવી એક્ટ કલમ ૫, ૧૭૭, ૧૮૧, ૧૮૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. ડીસીપી જગદીશ બાંગરવાએ વિગતો આપતા જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી પોલીસ દ્વારા ગાડીના ટુકડા, લોહીના સેમ્પલ લેવામાં આવ્યા છે તેમજ એફએસએલ અધિકારીની



હાજરીમાં વિડીયોગ્રાફી પંચનામું કરવામાં આવ્યું છે તેમજ છળઘ દ્વારા બસની ચકાસણી કરવામાં આવતા બસમાં કોઈપણ પ્રકારની ખામી નહી હોવાનું તેમજ બેક પણ ફેઈલ નહી હોવાનું જાણવા મળ્યું છે આ ઉપરાંત અકસ્માત સર્જનાર ડ્રાયવર પાસે રહેલ લાયસન્સ તારીખ ૧૭ફેબ્રુઆરી ૨૦૨૫ના ૨૫ના રોજ પૂર્ણ થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે તેને એજન્સીએ ક્યાં આધારે નોકરી પર રાખ્યો હતો અને કોની શું જવાબદારી ફિક્સ થાય છે તે જાણવા ડ્રાયવરને હોસ્પીટલમાંથી રજા આપ્યા બાદ તેની ધરપકડ કરી પૂછતાછ કરવામાં આવશે.

# ધોરાજી ઉર્ષમાંથી જૂનાગઢ પરત ફરી રહેલા ત્રણ મિત્રોના અકસ્માતમાં મોત

## ઝાલણસર ગામ પાસે બોલેરો ચાલક અકસ્માત સર્જીને નાસી ગયોઃસરગવાડા ગામમાં મોતનું માતમ, એકસાથે ત્રણ જનાજા ઉઠ્યા

મુખ્ય સમાચાર જૂનાગઢ

જૂનાગઢના સરગવાડામાં આજે એક સગીર સહિત ત્રણ મિત્રોના એકસાથે જનાજા ઉઠતા આખુયે ગામ શોકમગ્ન બન્યું છે, ગામમાં રહેતા ૧૬ થી ૧૮ વર્ષના ત્રણ મિત્રો ગતરાતે ધોરાજી ઉર્ષમાં ગયા હતા, અને વહેલી સવારે ઝાલણસર ગામ પાસે એક બોલેરો વાહનના ચાલકે આ યુવાનોના બાઈકને ઠોકર મારીને નાસી ગયેલો, જે અકસ્માતમાં ત્રણેય યુવાનોના ઘટના સ્થળે જ મોત થયા છે.

જૂનાગઢના સરગવાડા ગામમાં રહેતા અને રિક્ષા ચલાવવાનું કામ કરતા મામદભાઈ અલ્લારખાભાઈ અબડાનો દીકરો આમીર મામદ અબડા ઉ.૧૬

રાતે તેમના મિત્રો અરમાન મકસુદ કાદરી ઉ.૧૮ અને અલ્ફાજ હનીફ કાઠી ઉ.૧૮ સાથે ત્રિપલ સવારીમાં બાઈક ઉપર ધોરાજી ખાતે ઉર્ષમાં ગયો હતો. અને વહેલી સવારે ૪ કલાકે ત્રણેય મિત્રો બાઈક ઉપર પરત પોતાને ગામ તરફ આવી રહ્યા હતા.

તે સમયે ઝાલણસર ગામ પાસેના પેટ્રોલ પંપ પાસે પહોંચ્યા હશે ત્યારે પાછળથી અચાનક એક અજાણી બોલેરોના ચાલકે જોરદાર ઠોકર મારીને નાસી ગયો હતો, જે અકસ્માતમાં ત્રણેય મિત્રો રસ્તા પર લોહીલુહાણ હાલતમાં પડયા હતા, અને બાઈકનો ભુક્કો બોલી ગયો હતો, અને ત્રણેયના ઘટના સ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતા. ઘટનાની જાણ થતા પરિવારના સભ્યો અને ગ્રામજનો સ્થળ પર દોડી ગયા હતા.

પરંતુ ઈજાગ્રસ્ત ત્રણેયને સારવાર માટે હોસ્પિટલ પહોચાડે તે પહેલા જ



ત્રણેયના મોત થયા હતા, ઘટના અંગે મામદભાઈ અબડાએ અકસ્માત સર્જીને નાસી ગયેલા બોલેરો વાહનના ચાલક સામે જૂનાગઢ તાલુકા પોલીસમાં ફરિયાદ નોધાવી છે, પોલીસે પણ પેટ્રોલ પંપના સીસીટીવીના આધારે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. સરગવાડા ગામમાંએકસાથે ત્રણ યુવાનોના જનાજા ઉઠતા ગામમાં શોકમય માહોલ છવાયો હતો.

# સુરજ એપાર્ટમેન્ટમાં તબીબના પિતાનો બિલ્ડીંગના પાંચમાં માળેથી ઝંપલાવી આપઘાત

- ચોકીદાર પાસેથી ચાવી માંગી, દશમાં માળેથી પડતું મુક્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના શ્રોફ રોડ પર આવેલ સુરજ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૯ વર્ષીય બિલ્ડર અને પુર્વ નગરસેવકના જમાઈએ ચોકીદાર પાસેથી છતની ચાવી માંગી દશમાં માળેથી પડતું મૂકી દીધું હતું. મૃતક વર્ષોથી બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ આદરી છે. આ અંગેની મળતી વિગતો મુજબ શ્રોફ રોડ પર આવેલ સુરજ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૯ વર્ષીય રાજેશ મગનભાઈ કાલાવડીયા નામના પ્રૌઢે ગઈકાલે બપોરે ૩ વાગ્યા આસપાસ એપાર્ટમેન્ટમાંની છત પરથી કૂદકો મારીને આપઘાત કરી લીધો હતો. બનાવ બાદ બિલ્ડિંગમાં રહેતા રહીશો એકઠાં થઈ ગયા હોય કોઈ એ ૧૦૮ ને જાણ કરતાં તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા.

ઘટના અંગે જાણ થતાં જ પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાગળ કાર્યવાહી બાદ મૃતદેહને પી.એમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. વધુમાં મૃતક રાજેશભાઈ વર્ષોથી શહેરમાં બાંધકામ વ્યવસાય સાથે જોડાયેલા હતા તેમજ તે વોર્ડ નંબર ૧૦ ના પૂર્વ કોર્પોરેટર છગનભાઈ ભોરણીયાના જમાઈ છે. તેમનો પુત્ર-પુત્રવધુ બંને ભુજ મેડિકલ કોલેજમાં હાલ ડોકટરનો અભ્યાસ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.ત્યારે પોલીસ તપાસમાં કોઈ સુસાઈડ નોટ મળી આવી નથી જો કે તેઓએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતાં તપાસ યથાવત રાખી છે.

# રાજકોટમાં ટ્રસ્ટની સંચાલિકા યુવતી પર જમીન મકાનના ધંધાર્થીએ આચર્યું દુષ્કર્મ

## ઓફિસે મળવા ગયેલી યુવતીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી શરીર સંબંધ બાંધી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ટ્રસ્ટની જમીનના સમાધાનના ઉકેલ માટે ગયેલી યુવતીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી જમીન મકાનના ધંધાર્થીએ દુષ્કર્મ આચર્યું હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી અને ટ્રસ્ટ ચલાવતી યુવતીએ જમીન મકાનના ધંધાથી વિક્રમ વાલાભાઈ સોહલા વિરુદ્ધ દુષ્કર્મ અને એટ્રોસીટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે અને યુવતીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ યુવતી ટ્રસ્ટ ચલાવે છે અને તેના ટ્રસ્ટની જમીન ઉપર અન્ય સમાજના શખ્સોએ ૬૦ વર્ષથી



કબજો કરી લેતા જે જમીનના ઉકેલ માટે યુવતી ધર્મેન્દ્ર રોડ ઉપર રાજદીપ કોલ્ડ્રિક્સ ઉપર ત્રીજા માળે આવેલ જમીન મકાનના ધંધાથી વિક્રમભાઈ સોહલાની ઓફિસે ગઈ હતી તે દરમિયાન વિક્રમ સોહલાએ યુવતીના વખાણ કર્યા હતા અને બાદમાં યુવતી ઓફિસ બહાર નીકળવા જતા વિક્રમ સોહલાએ યુવતીનો હાથ પકડી ઓફિસનો દરવાજો બંધ કરી દીધો હતો અને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી યુવતીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો અને આ અંગે જો કોઈને કહ્યું તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું યુવતીએ પોતાની ફરિયાદમાં નોંધાવ્યું હતું.

યુવતીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી દુષ્કર્મ આચર્યાના બનાવ અંગે એસસી એસટી સેલના એસીપી સી.એમ. પટેલ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# મહારાણા પ્રતાપ ટાઉનશીપમા મંગેતરના પરિવારે સગાઈ તોડવાની વાત કરતા યુવતીના ભાઈએ ફોનમાં આપી મારી નાખવાની ધમકી

## યુવતીને બિમારી હોવાથી ઘરે બોલાવી યુવકના માતા-પિતાએ સગપણનીના પાડી દેતા સંબંધોમાં તિરાડ પડી

શહેરનાં રેલનગરનાં મહારાણા પ્રતાપ ટાઉનશીપમા રહેતા યુવાનને તેની મંગેતરનાં ભાઈએ સગાઈ તોડવા મામલે ફોન કરી ધમકી આપતા પ્રનગર પોલીસમા ફરિયાદ નોંધાઈ છે. આ મામલે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. બનાવની વિગતો મુજબ મહારાણા ટાઉનશીપ વિંગ ડી મા રહેતો વરૂણભાઈ રમેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૪) એ ફરીયાદમા તેમની મંગેતરનાં ભાઈ મનીષભાઈ નીતેશભાઈ સોલંકી (રહે. પંચસાતડી બજાર ખારવા ભવનની બાજુમા પોરબંદર) નુ નામ આપતા તેની સામે ગુનો નોંધવામા આવ્યો છે. વિરૂણે ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમની તા. ૧૪/૨ નાં રોજ પોરબંદર રહેતા નિતેશ સોલંકીની દીકરી આરતી સાથે સગાઈ થઈ હતી. પંદર દિવસ પહેલા જાણવા મળ્યુ કે આરતીને કોઈ બિમારી હોય જેથી તેના માતા–પિતા આરતીને લઈને રાજકોટ સારવાર અર્થે લઈ આવ્યા હતા. જેથી વરૂણના માતા–પિતા આરતીનાં માતા–પિતાને ઘરે બોલાવ્યા હતા અને તેમને જણાવ્યુ કે અમારા દીકરાની સગાઈ તમારી દીકરી સાથે રાખવી નથી. તેમ કહેતા આરતીનાં માતા–પિતા ત્યાથી ચાલ્યા ગયા હતા. ત્યારબાદ બે ત્રણ દિવસ પછી રાત્રીનાં સાડા બારેક વાગ્યે આરતીનાં ભાઈ મનીષે ફોન કરી બોલાચાલી કરી ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપતા પ્રનગર પોલીસમા ફરીયાદ નોંધાવતા પીએસઆઈ જે. એમ. જાડેજા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.

# ત્રંબા ગામના શખ્સોએ વારસાઈ જમીનના બોગસ દસ્તાવેજ બનાવી છેતરપીંડી આચરી

શહેરના ગંજીવાડા શેરી નં ૩૬માં રહેતા અજય ઉર્ફે મનોજ લાલજીભાઈ રાજાણી ઉ.૨૮એ એરપોર્ટ પોલીસમાં ત્રંબા ગામે રહેતા ધીરૂભાઈ સામતભાઈ બાવળીયા, શૈલેષ નરશીભાઈ જેસાણી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે મામા ધીરૂભાઈની જમીન નવાગામ બામણબોરમાં આવેલ છે. તેમાં મારા માતા શાંતુબેન વારસદાર તરીકે હતા.જેનું અવસાન થતા મોટાભાઈ રમેશભાઈ હતા.તે પણ ગુજરી જતા બાદમાં મારાભાઈ જીકાભાઈ તથા મારૂ નામ હતું. મામાના પુત્ર સંજય મારફતે જાણવા મળ્યું કે વર્ષ ૨૦૦૭માં ઉપરોકત જમીન અંગે કૌટુંબિક માસા ધીરૂભાઈ સામતભાઈ બાવળીયા તથા કૌટુંબિક મામા જસ્મત ચોથાભાઈ જેસાણી તથા નરસી ચોથાભાઈનો પુત્ર શૈલેષ સહિતના મામા પાસે આવ્યા હતા. અને જમીન તમારા નામે ચડાવવાની હોવાથી મામા અને માસીઓને ચોટીલા મામલતદાર ઓફિસે લઈ ગયા હતા.તે સમયે કરાવેલ દસ્તાવેજમાં મામા નરશીભાઈ મેરામભાઈનો ફોટો તથા માસી ચોથીબહેન, જીવુબેનના ફોટા બોગસ હતા. અને અંગુઠાની છાપો પણ બીજાની હોવાનું જાણવા મળ્યું હતું. બાદ વર્ષ ૨૦૦૯માં મરછા ભરવાડ તથા તેના માણસો મામા પાસે આવી ઉપરોકત જમીન તેના નામે છે. ખાલી કરી નાખજો કહ્યું હતું.ત્યારે જાણ થઈ કે દસ્તાવેજ બોગસ થયો છે. તેમજ ધીરૂભાઈ સામતભાઈ વિરૂધ્ધ ચોટીલા પોલીસમાં મારામારીની ફરિયાદ પણ કરી હતી. આમ મારા મામા ધીરૂભાઈ મેરામભાઈ તથા માસીઓને જમીન તેમના નામે કરવાનું કહી ઉપરોકત બન્ને બોગસ ફોટા મુકી બોગસ સહિઓ કરાવી લઈ છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બામણબોર GIDCમાં પ્લાસ્ટિકના કારખાનામાં ભીષણ આગ લાગતા લાખો નો માલસામાન ખાખ

## શોર્ટ સર્કીટથી આગ ભભુકી હોવાનું પ્રાથમિક અનુમાનઃરાજકોટ ફાયર બિગ્રેડના બે બંબા દોડયાઃઅઢી કલાકે આગ પર કાબુ મેળવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બામણબોર જીઆઈડીસીમાં આવેલા પ્લાસ્ટીકના કારખાનામાં આગ ભભુકી હોવાની જાણ થતા રાજકોટ ફાયર બ્રિગેડનો સ્ટાફ બે બંબા સાથે દોડી જઈ સતત અઢી કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.

બામણબોર જીઆઈડીસીમાં આવેલા નવદુગા પ્લાસ્ટીકના દાણા બનાવવાના કારખાનામાં સવારે ૧૦ વાગ્યા આસપાસ ભીષણ આગ ભભુકતા અફડાતફડી મચી જવા પામી હતી. બનાવ અંગેની ફાયર બ્રિગેડને કરતા રાજકોટથી બે ટીમો બંબા સાથે ઘટના સ્થળે દોડી જઈ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા



હતા.આગના પગલે દૂર સુધી

ધુમાડાના ગોટે-ગોટા જોવા મળ્યા હતા. અને ઘટનાના પગલે લોકોના ટોળા આગ જોવા ઉમટયા હતા.અને ફાયર ફાયટરોએ અઢી કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.આગ ભભુકી ત્યારે કારખાનામાં ચારથી વધુ શ્રમિકો કામ કરતા હતા.જો કે સમયસર બહાર નીકળી જતા કોઈ જાનહાની થઈ ન હતી.આગમાં લાખો રૂપિયાનું નુકશાન થયું હોવાનું જાણવા મળ્યુંછે. હાલ શોર્ટ સર્કીટના કારણે આગ ભભુકી હોવાનું પ્રાથમિક અનુમાન છે.

# જેતપુર સાડીઓના કારખાના માંથી ૩૧ બાળમજૂરોને કરાયા મુક્ત



જેતપુરમાં સાડીઓની ઘડી ઈસ્ત્રી કરતા કેટલાક કારખાનેદારો પરપ્રાંતીય બાળકોને પગાર આપ્યા વગર ગોંધી રાખી તેની પાસે મજૂરી કરાવતા હોવાનું સામે આવ્યું હતું. એક સંસ્થાને બાતમી મળતા સ્થાનિક પોલીસને સાથે રાખી છાપો મારીને બે કારખાનાઓમાંથી ૩૧ જેટલા બાળ મજૂરો મળી આવ્યા હતા. મળી આવેલા આ તમામને બાળકોને મુક્ત કરાવી કારખાનેદાર તેમજ ઠેકેદારો સામે જેતપુર ઉદ્યોગ નગર પોલીસમાં ૩ ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી અનુસાર બાળ મજૂરો જાતે પોતાની આપવીતિ કહેતા પોલીસે બે કારખાનેદારો સામે ફરિયાદ નોંધી છે. જેમાં દાતાર તકિય પાસે આવેલ નામ વગરના ચલાવતા સાડીના ફિનિશિગ કારખાનામાંથી ૨૫ જેટલા બાળ મજૂરો, અને ભાદરના સામા કાંઠે ખુલ્લા ફાટકની સામે આવેલ રાજહંસ ટેક્સટાઈલમાંથી ૬ મળી કુલ ૩૧ બાળમજૂરો મળી આવતા તેઓને મુક્ત કરાવ્યા હતાં. આ તમામ બાળમજૂરોને ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશને લાવી રાજકોટ બાળ સુરક્ષા ગૃહ ખાતે મોકલવામાં આવ્યા છે અને ત્યાંથી તમામને તેમના વતન મોકલવામાં આવશે. આ અંગે ફરિયાદી બચપણ બચાવો ના શીતલ પ્રદીપ જણાવ્યું હતું કે, બાળપણ બચાવો આંદોલન સંસ્થા તેમજ ઉદ્યોગ નગર પોલીસને સાથે રાખી દરોડા કરવામાં આવ્યા હતા. જેમાં બે જગ્યાઓ પર દરોડા કરીને ફિનિશિગ વિભાગમાં બાળકો કામ કરતા હતા. તે તમામ બાળકોને તેમના દ્વારા મુક્ત કરાવામાં આવ્યા છે. જેમાં આ તમામ બાળકોને બાળ કલ્યાણ ગૃહમાં મૂકવામાં આવેલા છે.

# કુવાડવાના ગુંદા પાસે મોબાઈલ રીચાર્જ કરાવવા નીકળેલા યુવાનનું બાઈક અકસ્માતમાં મોત



શહેરની ભાગોળે કુવાડવા નજીક ગુંદા ગામ પાસે બાઈક સ્લીપ થઈ જતા મોબાઈલ રીચાર્જ કરાવવા જતા તરઘડીયાના બાઈક ચાલક યુવાનનું ગંભીર ઈજા થતા મોત નીપજ્યુ છે. આ બનાવથી પરપ્રાંતિય પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના વતની અને હાલ તરઘડીયા ગામે રહેતા કાળુસિંગ મદનસિંગ રાજપૂત (ઉ.વ.૪૦) નામનો યુવાને ગત રાત્રે પોતાનું બાઈક લઈ ગુંદા ગામે મોબાઈલ રીચાર્જ કરાવવા જતો હતો ત્યારે ગુંદા ગામ નજીક બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો જેમાં તેને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થતા સારવારમાટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ આ અંગે કુવાડવા રોડ પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક કાળુસિંગ બે ભાઈ પાંચ બહેનમાં મોટો અને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરપ્રાંતિય પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.